ખેતીની જમીનના પ્રશ્ને ગણોતિયા અને જમીન માલિક વચ્ચે તકરાર- નિષ્પક્ષ પોલીસ તપાસ.

---

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક!પરચ!૧૦૭૬!૧૨૮!ન,
સચિવાલય, ગાંધીનગર,
તા-૨૩-૩-૧૯૭૬.

વંચાણમાં લીધા : મહેસૂલ વિભાગના પરિપત્રક્રમાંક!ટીએનસી!૧૦૭૪!૧૧૮૧૨૮!જ, તા-૨૩-૧૦-૧૯૭૪.

પરિપત્ર :-

ગણોતધારાના અમલ અન્વયે સરકારની જાણમાં આવ્યું છે કે ગણોતધારા હેઠળ દાખલ થયેલ કેસોમાં જ્યારે જમીનના કબજા અંગે ગણોતિઆો અને જમીન માલિકો વચ્ચે ઝઘડા થાય છે અને પોલીસમાં ફરીયાદ થતાં ચેપ્ટર કેસો કરવામાં આવે છે અને જ્યારે પોલીસ પાસે સુલેહભંગની ફરીયાદ આવે ત્યારે પોલીસે કાયદેસર પગલાં લેવાના હોય છે. જ્યારે આવી તકરારો થાય છે ત્યારે પોલીસ રક્ષણ આપવા સામાપક્ષને જમીન ઉપર આવતા રોકવા અથવા સામાપક્ષના જમીન લેવા અરજી થાય છે. આ અંગે પ્રાથમિક દૃષ્ટિએ જયાં કોઇ વ્યકિતના કબજામાં જમીન હોય અને તેને તે જમીનમાંથી કાયદેસરની કાર્યવાહી સિવાય અન્ય રીતે હાકી કાઢવા અથવા તો કબજો મુકી દેવા બીજા પક્ષ તરફથી પ્રયત્ન થતાં હોય ત્યારે કબજેદાર રક્ષણને પાત્ર છે. આવા ગણોતીયા અને જમીન માલિકો વચ્ચેના ગણોત ધારા હેઠળ દાખલ થયેલ કેસોમાં ખેતીની જમીનના કબજા અંગેની તકરાર ઉભી થાય છે ત્યારે પોલીસે કઇ રીતે કાર્યવાહી કરવી અથવા તો કઇ રીતે તપાસ હાથ ધરવી તે અંગે મહેસૂલ વિભાગ તરફથી તેમના તા-૨૩-૧૦-૭૪ના અંગ્રેજી પરિપત્રક્રમાંક!ટીએનસી!૧૦૭૪!૧૧૮૧૨૮!જ, થી દરેક પોલીસ અધિકારીને જરૂરી સુચના આપવામાં આવેલી છે, તેમ છતાં સરકારની જાણમાં આવ્યું છે કે આ હુકમોનું યથોચિત પાલન થતું નથી, અને જો ગણોતિયાઓને કાયદેસર રક્ષણ આપવામાં ન આવે તો તે યોગ્ય નથી.

!૨!...

આથી સર્વે પોલીસ અધિકારીઓને સૂચના આપવામાં આવે છે કે સદરહુ પ્રકારના કિસ્સાઓમાં મહેસૂલ વિભાગના તા-૨૩-૧૦-૭૪ના પરિપત્રમાં જણાવ્યાનુસાર પોલીસે વલણ અપનાવવું. સદરહુ હુકમોનું ચુસ્તપણે પાલન કરવું અને આ રીતે કાર્યવાહી હાથ નહિ ધરનાર કર્મચારી/અધિકારી સામે ખાતાકીય પગલાં ભરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

: હ. દિ. જાગીરદાર :
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
દરેક નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
દરેક કલેકટર,
દરેક જીલ્લા પોલીસ અધિકારી,
મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર : જ શાખા: પાંચ નકલ:
સંયુક્ત સચિવશ્રી અને નિયામકશ્રી, જમીન સુધારણા, સચિવાલય, ગાંધીનગર.
સીલેકટ ફાઇલ.

લો ધ ા!૨૩૩!